પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-11-2026 **Midday : 2.30 to 2.35 pm**

Day : SUNDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ પટેલ વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

SUNDAY ON CYCLE

ગાંધીનગરના દાંડી કુટિર ખાતેથી કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ.મનસુખ માંડવીયા અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 'સન્ડે ઓન સાયકલ'ના 99મા સંસ્કરણનો પ્રારંભ કરાવ્યો. સંવિધાન દિવસના ઉપલક્ષ્યમાં દેશભરમાં 26 હજાર સ્થળોએ આ કાર્યક્રમનું આયોજન કરાયું. આ પ્રસંગે ડૉ. માંડવીયાએ જણાવ્યું હતું કે, સાયકલિંગ એ સંપૂર્ણ કસરત હોવાની સાથે પ્રદૂષણ અને ટ્રાફિકની સમસ્યાનું સમાધાન છે. તેમણે યુવાનોને 'વિકસિત ભારત'ના સંકલ્પ સાથે જોડાવા સાયકલિંગને ફેશન અને પેશન બનાવવા આહવાન કર્યું હતું.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ નવ્વાણું એડિશન સુધી સાતત્ય જાળવી રાખીને યુવાનોને 'ફિટ ઈન્ડિયા' અને 'ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા'ની પ્રેરણા આપવા બદલ કેન્દ્રીય મંત્રીનો આભાર માન્યો હતો.

બંને મંત્રીઓએ સાયકલ ચલાવીને નાગરિકોને ફિટનેસ પ્રત્યે જાગૃત થવાનો સંદેશ આપ્યો હતો.

SURAT POLIO

આરોગ્ય રાજ્ય મંત્રી પ્રકુલ પાનશેરીયાએ આજે સુરતના કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી 'પલ્સ પોલિયો અભિયાન-2026'નો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે જિલ્લાના તમામ નાગરિકોને સોસાયટી, મહોલ્લામાં સ્થિત પોલિયો રસીકરણ બૂથનો લાભ લઈ પોતાના 5 વર્ષ સુધીના બાળકોને અચૂક પોલિયોની રસી આપવા અનુરોધ કર્યો.

આ અભિયાન અંતર્ગત આજે જિલ્લામાં કુલ 772 પોલિયો રસીકરણ બુથ કાર્યરત કરાયા છે. અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગની 154 ટીમો અને ત્રણ હજાર 372 વર્કરો દ્વારા ઘરે ઘરે મુલાકાત લઈ રસીકરણ કરવામાં આવી રહ્યું છે. સુરત જિલ્લામાં 0-5 વર્ષ સુધીનાં કુલ એક લાખ 96 હજાર 225 બાળકોને પોલિયો વિરોધી રસી આપવાનો લક્ષ્યાંક છે.

POLIO-MAHESANA

મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય પલ્સ પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત જિલ્લાના શૂન્ય થી ૫ વર્ષના તમામ બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવી સુરક્ષિત કરવાનું વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનના સુચારુ અમલીકરણ અને અસરકારક માઇક્રોપ્લાનિંગ માટે મહેસાણા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કક્ષાની પોલિયો સ્ટીયરિંગ કમિટીની મહત્વની બેઠક યોજાઈ હતી.

PM ACCIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કચ્છ જિલ્લામાં આજે થયેલા અકસ્માતમાં જીવ ગુમાવનાર દરેક વ્યક્તિના સ્વજનને 2 લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પરથી જાહેરાત કરતાં જણાવ્યું કે અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોને 50 હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે. શ્રી મોદીએ મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરી.

DIU ACCIDENT

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના જૂના પુલ પર કારનું ટાયર ફાટતાં અકસ્માત પાંચ લોકોને ઇજા પહોંચી છે. અમદાવાદથી દીવ આવેલા પાંચ યુવાનો ઘોઘલા તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક કારનું ટાયર ફાટતાં ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેમાં કારમાં સવાર પાંચેય યુવાનોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પાંચેય યુવાનોને સારવાર અર્થે દીવની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

KUTCH EARTHQUAKE

કચ્છમાં આજે બપોરે ભૂકંપનો આંચકો અનુભવાયો. બપોરે 1:28 કલાકે ભૂકંપનો આંચકો નોંધાયો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 3.1 નોંધાઈ. ભૂકંપનું કેન્દ્રબિંદુ દુધઈથી 18 કિલોમીટર દૂર ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં નોંધાયું હતું.

TENNIS

અમદાવાદમાં યોજાયેલી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેનિસ ટુર્નામેન્ટમાં યુવા ટેનિસ ખેલાડી યુવલસિંઘ સોલંકીએ બોયઝ અંડર-10 કેટેગરીમાં ચેમ્પિયનપદ મેળવ્યું છે. સોલા રોડ સ્થિત અલ્ટ્રા ટેનિસ એકેડેમી ખાતે આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચાંદખેડાની પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થી યુવલસિંઘે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે સેમિફાઇનલમાં ધ્રુવ શાહને આઠ-પાંચથી હરાવ્યો હતો અને ત્યારબાદ ફાઇનલમાં પ્રાંશુ પટેલ સામે આઠ-શૂન્યથી એકતરફી વિજય મેળવીને ખિતાબ પોતાના નામે કર્યું હતું.